# <u>પ્રેસ નોટ</u>

NDPS ના ગૂન્હામાં સજા પામેલ પેરોલ જમ્પ કરતા આરોપીની ધરપકડ કરતી એ.ટી.એસ. અમદાવાદ.

એ.ટી.એસ. પોલીસ સ્ટેશનના ગુ.રા.નં- ૭/૨૦૦૯ એન.ડી.પી.એસ. એકટ કલમ- ૮સી, ૨૦, ૨૯, ૩૧ વિગેરેના ગુન્હામાં સજા પામેલ આરોપી શંકરપ્રસાદ S/O ગુરૂદેવપ્રસાદ રહે. મનીયાર ચક, નવાગઢી, મુંગર (બિહાર)ને આજરોજ અમદાવાદ- મહેસાણા હાઇ-વે પર અડાલજ , હોટલ મહારાજા પાસેથી બાતમી આધારે ધરપકડ કરેલ છે.

સને ૨૦૦૯માં એ.ટી.એસ.,ગુ.રા.,અમદાવાદે આરોપી શંકરપ્રસાદ તથા તેના સાથીદાર મહમદહનીફ તથા તેનો પુત્ર જુનેદ S/O મહમદ હનીફ મેમણ રહે. ઉનાવા, તા. ઉંઝા, તથા અન્ય સહતહોદારોને ૧૦ કિલો ચરસ સાથે તા.૨૫/૦૭/૨૦૦૯ના રોજ ઉનાવા ખાતેથી પકડી કેશ કરેલ જેમાં ઉપર જણાવેલ ત્રણેય આરોપી પૈકી મહમદ હનીફ મેમણ મહેસાણા જેલમાં જ મરણ ગયેલ, જ્યારે શંકરપ્રસાદ તથા મહમદ જૂનેદને અનુક્રમે ૧૫ વર્ષ તથા ૧૦ વર્ષની સજા વિસનગર ફાસ્ટ ટ્રેક કોર્ટે કરેલ હતી.

શંકરપ્રસાદ ઉપરોકત સજા સાબરમતી જેલમાં પસાર કરતો હતો દરમ્યાન ડીસેમ્બર-૨૦૧૩માં ૨૫ દિવસની તા. ૦૯/૦૧/૨૦૧૪ સુધીની મંજૂર થયેલ અને તે પેરોલ રજા તા. ૩૧/૦૧/૨૦૧૪ સુધી લંબાવવામાં આવેલ પરંતુ ત્યારબાદ શંકરપ્રસાદ સાબરમતી જેલમાં હાજર થયેલ નહી અને પેરોલ જમ્પ કરી ભાગી ગયેલ જે અંગે સાબરમતી જેલ તરફથી કેદી વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવેલ.

શંકરપ્રસાદ પેરોલ જમ્પ કર્યા બાદ ફરીથી ચરસના ધંધામાં લાગી ગયેલ અને ગત માર્ચ મહિનામાં આબુરોડ રેલ્વે સ્ટેશન પર તેના બે સાથીદારો રાજન તથા યુસુફ હસન ૧૦ કિલો ૬૦૦ ગ્રામ ચરસ સાથે પકડાયેલ છે જે ગુન્હામાં શંકરપ્રસાદ વોન્ટેડ છે.

શંકરપ્રસાદ એરફોર્સમાં નોકરી કરતો હતો બાદ નોકરી છોડી ચરસના ધંધામાં લાગી ગયેલ, શંકરપ્રસાદને અગાઉ મોરબીના એન.ડી.પી.એસ.ના ગુન્હામાં પણ સજા થયેલ છે. તેના વિરૂધ્ધમાં એન.ડી.પી.એસ.ના કુલ-૫ ગુન્હા દાખલ થયેલ છે.

એ.ટી.એસ.ના પો.ઇન્સ.શ્રી ડી.પી.ભટ્ટ, પો.ઇન્સ.શ્રી જે.એસ.પંડયા તથા પો.ઇન્સ.શ્રી એચ.ઝેડ.સોલંકી તથા પો.સ.ઇ. શ્રી સી.આર.જાદવ, પો.કો.શ્રીઓ રવિરાજસિંહ વાળા, રવિન્દ્ર સિસોદીયા, મહિપાલસિંહ ચુડાસમા, અતુલ મિશ્રા, મહેશ ચાવડા, યોગેન્દ્રસિંહ રાઠોડ વિગેરેની ટીમને ખાનગી બાતમી મળતા એન.ડી.પી.એસ.ના નાસ્તા ફરતા રીઢા તહોદાર શંકરપ્રસાદને આજરોજ મહેસાણા અમદાવાદ હાઇવે પર અડાલજ પાસેથી મોબાઇલ ફોન-૨, સીમકાર્ડ-૫ તથા રોકડા રૂ.૪૩,૦૦૦/- સાથે ઝડપી પાડી સાબરમતી સેન્ટ્રલ જેલ હવાલે સોંપવાની તજવીજ કરેલ છે. તેમજ રાજસ્થાન, કુલેરા રેલ્વે પોલીસ સ્ટેશનને જાણ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.